અને શોખીન જીવડા હતા. મોટી બુ દર-
રોજ અલીબાઇને ખાણું આપવા સારૂ દુ
કાનપર આવતી તેણીને જોઇ અબદુ આ-
શક થયો, અને મન પસંદ માશુકનું દીલ
લલચાવનારી ઇશ્કબાજીની લાવણીઓ ગાતો;
તે મોટી બુ ધ્યાન આપી સાંભળતી અને
ખુશી હતી. મોટી બુનું દીલ અબદુપર
લાગ્યું અને તેણીએ પોતાનો પ્રેમ દર્શાવ્યો,
ત્યારે એ બે વચ્ચે પ્રીતિની ગાંઠ બંધાઇ;
અને મનવાંચ્છિત બુરા હવસો પુરા પાડી
થયેલી મોહબતની લેહેજત લેવા લાગ્યાં.
બીચારા ભોલીઆ અલીબાઇની ઇશ્કી અ-

બદુ નિત્ય ટકોર કરતો કે "મીઆં એક દહાડો તમારે ઘેર જમવા લેઇ જઇ મને મોટી બુનાં પકવાનનો સ્વાદ તો ચખાડો" આ વાક્યોથી અલીભાઇને ગુસ્સો આવતો ને અબ્દુને ઘણી ગાળો દેતા હતા, જેથી અબ્દુ હશીને કહેતો કે 'તમે નહિ લેઇ જાઓ તો ખેર ! હું મારી મેળે આવીશ' ત્યારે અલીભાઇ કહેતા કે 'સાલા આવે તો જુતીથી મારૂં !' અલીભાઇની ગેરહાજરી માં અબ્દુ દિવસમાં ઘણીવાર તેને ઘેર જ તો હતો, તેણે મોટીબુને જણાવ્યું કે 'એ વી યુક્તિ કરવી જોઇએ કે અલીભાઇને

આખી રાત ઘરમાંથી બહાર કાઢીને આપણે ઘરમાં રહી મજાહ મારીએ' કરેલા સંકેત પ્રમાણે ઠરાવેલા વખતે અબદુને ઘર નજીક હાજર રહેવાને જણાવ્યું. તે દહાડે રાતના ૧૦ વાગે મોટીબુએ ઢોંગ કરી અલીભાઇને જણાવ્યું કે 'મારા પેટમાં બહુ દુખે છે, માટે હકીમને ત્યાંથી દવા લેઇ આવો' ભલા અલી ભાઇએ ઘરમાંથી બહાર નીકળી બારણું બંધ કરવાનું જણાવી કહ્યું કે હું આવીશ ત્યારે સાદ પાડીશ 'બુ,રેબુ ! બારણું ઉઘાડ' ત્યારે તારે ઉઘાડવું. એમ કહી અલીભાઈ ગયા અને બુએ બારણું વાસ્યું. થોડીવારે અબદુએ કમાડ ખખડાવ્યાં કે બુએ બારણાં ખોલી તેને

ઘરમાં લીધો અને કામ ક્રીડાની ગમ્મતમાં પડયાં કેટલીકવારે અલીભાઈ મોહોલ્લામાં પાછો દાખલ થયો ને નાકેના લીંબડાના ઝાડ પાસે ઉભા રહી મોટેથી બોલવા લાગ્યો—"લીમનોલીમ, ડાળની ડાળ, આદમજીની અગારી, કાસમજીની પછારી, આ કરીમભાઇનું ઘર, આ નુરોદીનનું ઘર, આ મુસાજીનું ઘર, અને આ આપણું પોતાનું ઘર" એમ કહી એક બે ત્રણ એમ ઓટલાનાં પગથીઆં ગણી ઉપર ચઢયો અને બારણું ઠોકી બુમ મારી કે—'બુ અરે બુ, બારણું ખોલ!' અંદરથી ચાબદુએ મોટા ઘાંટા પાડી કહ્યું કે 'કોણ છે એ છીનાળનો!'

અલીભાઇ ગભરાયો અને સમજ્યો કે પો-
તે ભુલથી બીજા કોઇનું બારણું ઠોકે છે
તેથી 'અરે સાહેબ ! ભુલો પડયોછુ.' એ
વું નમ્રનતાઇથી કહી પાછો મોહોલ્લા બ-
હાર ગયો લીંબડા પાસે ઉભો રહી શેરીનાં
હારબંધ ઘર અને પાડોશીઓનાં ઘરની
નિશાનીઓ પહેલાંની પેઠે ગણી ઓટલાપર
ચઢી સાદ પાડયો ત્યારે અંદરથી ધમકીનો
અવાજ આવ્યો કે 'છીનાળના ચોરી કરવા
આવ્યો છું કે ? !' આથી અલીભાઇએ ગ
ભરાઇને ઘણીવાર ધક્કા ખાધા છેવટે અબદુ
ઘરમાંથી નીકળી ગયો ત્યારે બુએ બારણાં
ઉઘાડયાં એ વખતે અલીભાઇએ પુછયું

કે 'રે બુ! ઘરમાં શી ધાર છે? મને કો
ણ ગાળો દેતું હતું ? ! ' છટ્કેલી બુએ
અંચબાથી જણાવ્યું કે ''ભુલ્યા ચુકયાનો
માબાપ'' ઘરમાં આવ્યો હતો. ઘરમાં કોઇ
ચોર આવ્યો હશે તેમ સમજી અલીભાઇએ
પુછ્યું—''બુ કંઇ લેઇ ગયો કે ? સાલાએ
તમને એકલાં જોઇ બહુજ ઇજા દીધી હ
શે ? '' ચાલાક બુએ સફાઇથી કહ્યું કે
'' મીઆં ! તેતો બધું ઘર ખાલી કરીને
લેઈ જાત, પણ મેં તેને બીજી રીતની લા
લચ બતાવી તેથી ચોરી કરવાની વાત તે
ભુલી ગયો મીઆં ! મેં તેને આનીગમથી
પેલીગમ ગોરવા કીધો જેથી બહુ થાકી ગ

યો ત્યારે ચાલવા માંડયું ” આથી ખુશી થઇ અલીભાઇએ સાબાશી આપી કહ્યું:— “ખુ ! તમારા જેવી ઘર રખુ અને એકી નદાર બાયડી ઘણી થોડી હશે કે જે તમારી પેઠે ચોરને લલચાવી ઘરનો સામાનબચાવે.”

સાર—ભલા માણસની હદપારની ભોળાઇ ખરેખર મુર્ખાઇજ ગણાય છે, પણ તર્કટી લુચ્ચા લુફંગા જે ઢોંગ અને યુક્તિ પ્રપંચ કરે છે તે તો ફાવીજ જાય છે. આથી દોરંગી દુનિયાના અટપટા વહેવારની ગમ પડતીજ નથી, કે દુનિયા કેમ ચાલે છે ? !

સમાપ્ત.

મદન રસ મલમ.

કીંમત ૧ ડબ્બીનો દોઢ રૂપીઓજ.

જેને હાથરસની કુટેવથી, કુસંગ કરવાથી, ચાંદી પરમીયાની મ્હોકાંણથી નામર્દ (નપુશક) પણું આવ્યું હોય, ઇંદ્રી વાંક વળી ટુંકી થઇ ગઇ કે છેકજ નરમ બની જવાથી સ્ત્રી સંગ કરતાં શરમાવું પડતું હોય તેને આ દવાથી ૭ દીવસમાં ઘોડા જેવી મરદાઇ આવે છે. પોષ્ટેજ ચાર આના વધુ મોકલવા. નીચેના ઠેકાણેથી મળશે.

પ્રતિનિધિ પત્રની ઓફીસ.

રીચીરોડપર—**અમદાવાદ.**